(૪)

# આત્માની ઓળખાણ

## બ્રહ્મસૂત્ર

આર્ષવિશ્વ

આચાર્ય કલ્યાણબોધિ

એક સિંહનું બચ્ચું .... હજુ તો તાજું જન્મેલું છે.. ને કોઈ કારણસર એના માતા-પિતાથી વિખૂટું પડી ગયું. યોગાનુયોગ એ જ અરસામાં ત્યાં કોઈ ભરવાડ ઘેટા-બકરા ચરાવવા આવ્યો. સિંહનું બચ્ચું એ ટોળામાં સામેલ થઈ ગયું. ઘેટા-બકરા ચરે છે, તેમ એ ય ચરે છે. ઘેટા-બકરા જેવો અવાજ કરે છે, તેવો એ ય કરે છે. ઘેટા-બકરા નજીવા કારણમાં ગભરાઈને ડરે છે, તેમ એ ય ડરે છે. દિવસો વીતતા જાય છે. બચ્ચું મોટું થતું જાય છે... પણ સિંહના ખોળિયે ઘેટું જ....

એક દિવસ..... એ જંગલમાં ચરતું હતું. એકાએક એની સામે એક સિંહ આવી ગયો. બચ્ચું વિસ્મિત આંખે જોઈ જ રહ્યું. એનું મન ચકિત બન્યું. આ ?..... આ તો હું જ ..... એક જ ક્ષણ... ને વર્ષોની ભૂલ છતી થઈ ગઈ. સિંહની આંખો એને કહી રહી છે, 'મૂર્ખ! આ શું ઘેટા-બકરાની જેમ ચારો ચરે છે? તું ઘેટું પણ નથી, ને બકરું પણ નથી, તું તો સિંહ છે સિંહ. તારે આ રીતે બેં બેં ન કરવાનું હોય... તારે તો ગર્જના કરવાની હોય. તારે આમ ઠેકડા ન મારવાના હોય... તારે તો છલાંગ લગાવવાની હોય. કેટલો નાદાન છે તું! કે પોતાને જ ઓળખતો નથી, ને એટલે જ આવી લજ્જાસ્પદ સ્થિતિમાં જીવી રહ્યો છે. બહાર નીકળ આ ટોળામાંથી, ને ચાલ મારી સાથે.' સિંહે એક જબરદસ્ત ગર્જના કરી, ને બચ્ચાનું મનોમંથન નિર્ણાયક સ્થિતિને આંબી ગયું. એણે ય પ્રયાસ કર્યો ને જંગલ એની ગર્જનાથી ગુંજી ઉઠ્યું. ઘેટા-બકરા ઠેકડા મારતા મારતા ગામ ભણી નાસી રહ્યા છે ને બચ્ચું... ના, બલ્કે સિંહ છલાંગ લગાવીને એના 'વનરાજ'-પદને આંબી રહ્યો છે, જેના પર એનો જન્મસિદ્ધ અધિકાર છે.

સિંહની વાત પૂરી થાય છે, ને આપણી વાત શરૂ થાય છે. એ બચ્ચું એટલે આપણે પોતે જ. 'હું શરીર છું.' આ આપણો ભ્રમ છે. 'હું મરી જઈશ!' આ આપણો ભ્રમજનિત ડર છે. તુચ્છ વિષયોમાં - મનમાન્યા સુખસાધનોમાં પ્રવૃત્તિ એ આપણી 'ચારો ચરવાની ચેષ્ટા' છે. વ્યર્થ વચનપ્રલાપ અને દુઃખના 'ગાણાં' ગાવાની વૃત્તિ એ 'બેં બેં' છે. નજીવા હર્ષ-શોકમાં ચિત્તક્ષોભ એ 'ઠેકડા' છે. આ બધી જ વિડંબનાના મૂળમાં છે આત્માનું અજ્ઞાન. બચ્ચું ત્યાં સુધી જ 'બકરું' છે, જ્યાં સુધી તેણે પોતાના 'સિંહસ્વરૂપ'ને ઓળખ્યું નથી. આત્મા ત્યાં સુધી જ દુઃખી છે, જ્યાં સુધી એણે પોતાના 'બ્રહ્મસ્વરૂપ'ને ઓળખ્યું નથી. માટે જ સર્વ શાસ્ત્રો અને સર્વ ઉપદેશોનું તાત્પર્ય આત્માને આત્મસ્વરૂપની ઓળખાણ કરાવવામાં જ રહેલું છે. બસ, એક વાર આત્મા એના બ્રહ્મસ્વરૂપને ઓળખી લે, પછી એનો ભ્રમ, ડર, ચારો, બેં બેં ને ઠેકડાં... બધું જ... છોડવું નહીં પડે... બલ્કે સહજ રીતે છૂટી જશે.

શ્રીબાદરાયણસૂત્રિત બ્રહ્મસૂત્ર આ જ તાત્પર્યથી બ્રહ્મસ્વરૂપનું દિગ્દર્શન કરી રહ્યું છે. अथातो ब्रह्मजिज्ञासा ॥ १ ॥ આ ઉપોદ્ઘાતથી શરૂ થતા આ સૂત્રમાં ખૂબ જ સંક્ષેપમાં ગંભીર અભિપ્રાય સાથે આત્માની ઓળખાણ કરાવવાનો પ્રયાસ કરાયો છે. 'હું કોણ?' આ પ્રશ્નનો જવાબ જ્યાં સુધી ભ્રમાત્મક છે, ત્યાં સુધી દુઃખ છે. ભ્રમ છે, ત્યાં સુધી ભ્રમણ છે.

બ્રહ્મસૂત્ર - શાંકરભાષ્યમાં ભ્રમની મધોર વ્યાખ્યા કરી છે - અધ્યાસો નામ અતસ્મિંસ્તદ્બુદ્ધિઃ । જે જે નથી, એને તે માનવું, એનું નામ ભ્રમ. 'હું' શરીર નથી, શરીરને 'હું' માનવું, એનું નામ ભ્રમ. આ ભ્રમમાંથી ચાર ભ્રાન્તિઓનો જન્મ થાય છે.

(૧) બાહ્યધર્મોમાં આત્માધ્યાસ = પુત્ર, પત્ની વગેરે સુખી કે દુઃખી હોય, તેનાથી હું સુખી કે દુઃખી છું, એવી ભ્રાન્તિ.

(૨) દેહધર્મોમાં આત્માધ્યાસ = શરીર જાડું/પાતળું/ગોરું/કાળું/રોગિષ્ટ હોય, તેનાથી હું જાડો/પાતળો/ગોરો/કાળો/રોગિષ્ટ છું, એવી ભ્રાન્તિ.

(૩) ઇન્દ્રિયધર્મોમાં આત્માધ્યાસ = ઇન્દ્રિયો વિકલ હોય, તેનાથી હું મૂંગો/કાણો/બહેરો છું, એવી ભ્રાન્તિ.

(૪) ચિત્તધર્મોમાં આત્માધ્યાસ = ચિત્તમાં કામના, હર્ષ, શોક વગેરે હોય, તેનાથી મને આ કામના, હર્ષ, શોક વગેરે છે, એવી ભ્રાન્તિ.

આત્માના સમસ્ત દુઃખોનું મૂળ ઉપરોક્ત ભ્રાન્તિઓમાં રહેલું છે. જ્યાં સુધી આ ભ્રાન્તિઓ અસ્તિત્વ ધરાવે છે, ત્યાં સુધી દુઃખવિનાશ શક્ય નથી. ને આ ભ્રાન્તિઓને દૂર કરવાનો એક માત્ર ઉપાય આત્મજ્ઞાન છે. માટે જ ઉપનિષદોનો ઉપદેશ છે -

आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो
मन्तव्यो निदिध्यासितव्यः ॥बृहदारण्यकोपनिषद् २-४-५॥

કર્તવ્ય છે આત્મદર્શન... આત્મશ્રવણ... આત્મમનન અને આત્મનિદિધ્યાસન. શાસ્ત્રોક્ત જ્ઞાન અને એ જ્ઞાનને અનુરૂપ આચરણથી જ્યારે આત્મજ્ઞાન આત્મામાં પરિણતિ પામે છે, ત્યારે આત્માની અસ્મિતા પૂર્ણ પરિવર્તન પામે છે.

विज्ञातब्रह्मतत्त्वस्य यथापूर्वं न संसृतिः ।

દેહ હશે, ત્યાં સુધી આત્મજ્ઞાની પણ સંસારમાં જ હશે, પણ એ સંસાર પૂર્વસંસારથી તદ્દન વિપરીત હશે. પુત્રમૃત્યુનો આઘાત આપઘાત સુધી પરિણામે, એ અજ્ઞાનીની દશા છે... ને એવા સમયે માત્ર ઋણાનુબંધના પૂર્ણવિરામનું દર્શન થાય, એ આત્મજ્ઞાનીની દશા છે. દશ કરોડ રૂપિયાનું નુકશાન કાચી પળમાં હૃદયરોગનો હુમલો લાવે, એ અજ્ઞાનીની દશા છે.... ને એવા સમયે 'ભલું થયું ભાંગી જંજાળ'ના ઉદ્ગારો સરી પડે, એ આત્મજ્ઞાનીની દશા છે. કેન્સરનું નિદાન જાણતાં જ મારી નાખે, એ અજ્ઞાનીની દશા છે, અને આખું શરીર કેન્સરના કીડાઓથી ખદબદી રહ્યું હોય, ત્યારે માત્ર સાક્ષીભાવે રોગનું નાટક જોવું એ આત્મજ્ઞાનીની દશા છે. જ્ઞાનસારના રંકશાળી વચનો યાદ આવે છે -

पश्यन्नेव परद्रव्य - नाटकं प्रतिपाटकम् ।
भवचक्रपुरस्थोऽपि, नामूढः परिखिद्यति ॥

સંસારચક્ર એ એક એવું શહેર છે, જેની ગલીએ ગલીએ પરદ્રવ્યનું નાટક ચાલી રહ્યું છે. શરીર, સંપત્તિ, ઘર, પરિવાર... આ બધું જ પરદ્રવ્ય છે. અજ્ઞાની એમાં ભળે છે - એમાં લેપાય છે - એને પોતાનું માને છે, ને પળે પળે દુઃખી થાય છે. જ્ઞાનીમાં સમ્યક્ સમજ છે. એ જાણે છે, કે આમાં કશું જ મારું નથી. આ તો માત્ર એક નાટક છે. કોઈ નાટક કલાકોનું હોય છે, તો કોઈ નાટક વર્ષોનું. પણ નાટક એટલે નાટક. પડદો પડશે ને એમાંનું કશું જ નહીં રહે. નહીં પ્રિય હોય, નહીં અપ્રિય હોય. તો પછી શેના માટે

રાગ-દ્વેષ કરીને દુઃખી થવું? એક સ્વપ્ન આંખો ખુલે ને પૂરું થાય છે... એક સ્વપ્ન આંખો મીંચાય ને પૂરું થાય છે... સ્વપ્ન તો સ્વપ્ન જ. ક્યાંક વાંચી હતી આ પંક્તિઓ-

કોણ? કોનું? ને એ ય ક્યાં લગી? ।
મુક સઘળી મમત, કોઈ તારું નથી. ॥

આત્મજ્ઞાની હસતો પણ નથી, ને રડતો પણ નથી. કારણ કે એ ઘટનાઓ સાથે ભળતો નથી. નાટકને એ નાટક જ સમજે છે, ને સ્વપ્નને સ્વપ્ન જ. માટે એ માત્ર પ્રેક્ષક બની રહે છે. સર્વ દુઃખોનું કારણ છે અંતર્ભાવ અને પરમાનંદનું મૂળ છે સાક્ષીભાવ. नित्यतृप्तः .... विज्ञानमानन्दं ब्रह्म .... આ શ્રુતિનિર્દિષ્ટ બ્રહ્મસ્વરૂપ આત્માના સાક્ષીભાવને આભારી છે. निरुवमसुहसंगया ... આ આગમપ્રતિપાદિત સિદ્ધસ્વરૂપનો આધાર આ જ સાક્ષીભાવ છે. ને આ સાક્ષીભાવનો પણ આધાર છે આત્મજ્ઞાન. અધ્યાત્મસારમાં કહ્યું છે-

ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
अज्ञाते पुनरेतस्मिन्, ज्ञानमन्यन् निरर्थकम् ॥

જેણે આત્મજ્ઞાનને પ્રાપ્ત કરી લીધું છે, તેણે બીજું કોઈ જ જ્ઞાન મેળવવાનું બાકી રહેતું નથી, અને જેણે આત્મજ્ઞાન પ્રાપ્ત નથી કર્યું, તેનું બીજું બધું જ જ્ઞાન વ્યર્થ છે - ફોગટ છે. શિક્ષણના પરિપ્રેક્ષ્યમાં મહાત્મા ગાંધીજીના શબ્દો અહીં સ્મર્તવ્ય છે - 'ગામની ગલીઓની ગતાગમ નથી અને ઇંગ્લેંડની નદીઓના નામો ગોખી ગયો છે.' જ્યાં સુધી આત્માની ઓળખાણ નથી થઈ, ત્યાં સુધી બીજી બધી જ ઓળખાણો કલંકરૂપ છે. ને એક વાર આત્માની ઓળખાણ થઈ જાય, ત્યારે આત્મગુણોની નિરુપમ સમૃદ્ધિમાં ઝુમતા આત્માને બીજી કોઈ જ ઓળખાણોમાં રસ રહેતો નથી. જે મારું નથી... જેનાથી મને કોઈ લાભ નથી... એ મારા માટે છે જ નહીં. ब्रह्म सत्यं जगन् मिथ्या - ની ભૂમિકા કેવી દિવ્ય છે! કોઈ ચિંતકે ખરું જ કહ્યું છે-

સાચે નાહી જ નાખ્યું છે મેં એના નામનું ।
મારું નથી જે સ્વર્ગ, એ મારે શા કામનું? ॥

બ્રહ્મસૂત્રના આ આશયને શાંકરભાષ્ય સતત અનુસરે છે. શ્રુતિઓ ને સ્મૃતિઓના અર્કને પ્રસ્તુત કરે છે અને ફરી ફરીને આત્માને આત્મજ્ઞાન માટે પ્રોત્સાહિત કરે છે. य आत्माऽपहतपाप्मा सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः - તારા બીજી બધી જ શોધોને અભરાઈએ ચડાવી દે, ને એક માત્ર તારા નિષ્પાપ આત્માની શોધમાં લાગી જા. બીજા બધાં જ અભ્યાસ અને ભણતરને ગૌણ કરીને તું આત્મજિજ્ઞાસા કરી લે અને આત્મજ્ઞાનને મેળવવાના પ્રયત્નમાં લાગી જા. आत्मेत्येवोपासीत - શરીર, સંપત્તિ, સત્તા... આ બધા ઉપાસ્ય નથી. ઉપાસ્ય છે માત્ર તારો આત્મા. પરોપકાર, સદાચાર, દાન, દયા આ બધા જ આત્મોપાસનાના સાધનો છે. आत्मानमेव लोकमुपासीत । તારા જીવનનું સાર્થક્ય અને સાફલ્ય એમાં જ છે, કે તું તારા આત્માની ઉપાસના કરી લે, તારા સમય, બુદ્ધિ, શક્તિ, સામગ્રીનો આથી શ્રેષ્ઠ બીજો કોઈ જ ઉપયોગ નથી.

સિંહે તો બધો જ પર્દાફાશ કર્યો છે... હવે આપણે 'બેં બેં' કરવું કે ગર્જના કરવી, એ આપણા હાથની વાત છે. ભ્રમમાં બંધાવું કે મુક્ત થવું,

એ આપણને સ્વાધીન વાત છે. નશ્વર-ક્ષણિક-તુચ્છ વિષયોનો ચારો ચરવો કે આત્મરમણતાના અદ્ભુત આનંદના આસામી થવું, એ આપણી રુચિની બાબત છે. 'ઠેકડા' ને 'ઠેસ'ના ભોગ બનવા માટે કે પરમસુખના શિખરે ઉર્ધ્વારોહણ કરવા માટે આપણે સ્વતંત્ર છીએ. સંસાર એક ભરવાડના અદા થી આપણને હાંકે તેમ ઢસડાયા કરવું? કે આત્મજ્ઞાન અને આત્મહિતાનુષ્ઠાનના માધ્યમે આત્મસામ્રાજ્યના સમ્રાટ થવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર મેળવી લેવો?

સિંહની ગર્જના થઇ ચૂકી. હવે વારો બચ્ચાનો છે.

આત્મા ત્યાં સુધી જ
દુઃખી છે, જ્યાં સુધી
એણે પોતાના બ્રહ્મસ્વરૂપને
ઓળખ્યું નથી.

જ્યાં સુધી ભ્રમ છે,
ત્યાં સુધી ભ્રમણ છે.

એક સ્વપ્ન આંખો ખુલે
ને પૂરું થાય છે.
એક સ્વપ્ન આંખો માંચાય
ને પૂરું થાય છે.
સ્વપ્ન તો સ્વપ્ન જ.

સર્વ દુઃખોનું કારણ છે અંતર્ભાવ
અને સર્વ સુખોનું મૂળ છે
સાક્ષીભાવ.